મયૂરધ્વજ આખ્યાન.



લેખક,

પુરૂષોત્તમ જોગીભાઈ ભટ.

(કલેક્ટર સાહેબના ચીટનીસ અમદાવાદ.)

પ્રકાશક,

ચંદુલાલ મણીલાલ પરીખ.

બુકસેલર; રીચીરોડ, બાબાહનુમાન-અમદાવાદ.

શ્રી

મયૂરધ્વજ આખ્યાન

હરિદાસ કથાની પધ્ધતિમાં

ગદ્યપદ્યાત્મક.

કર્ત્તા.

પુરૂષોત્તમ જોગીભાઇ ભટ્ટ.

ભામિનીવિલાસ ભાષાંતર, ભીમ ચાતુર્ય,
શુકરંભા આખ્યાન, કાવ્યગંગ વિ. ના કર્તા.

પ્રકાશક,

ચંદુલાલ મણીલાલ પરીખ.

બુકસેલર: રીચીરોડ, બાલાહનુમાન–અમદાવાદ.

મુલ્ય રૂ. ૦—૪—૦

આ ચોપડી ધી પરમાર પ્રી. પ્રેસમાં પરમાર હરિલાલ ત્રીકમલાલે
છાપી છે. રીચીરોડ—**અમદાવાદ.**

॥ ૐ ॥

આમંત્રણ.

આ મયૂરધ્વજનું આખ્યાન લખવાની પ્રવૃત્તિ થવામાં બે કારણ ભેગાં મળ્યાં હતાં. સ્મરણ માત્રથી પવિત્ર કરવાથી ખ્યાતિ વાળી નિર્મળ જળ ભરી સૂર્યદેહા તાપીનદી જ્યાં આગળથી વહન કરી રહી છે એવાં માંડવી (મંડનપુર)માં, હું મામલતદારની કચેરીમાં અવલકારકુન તરીકે નોકરી કરતો હતો. અને મારા મિત્ર, જામનગર નિવાસી રા. રા. ડાકટર લીલાધર જગજીવન ઠાકર ત્યાં સબ એસીસ્ટન્ટ સર્જન હતા. તેમને વાદ્યનો તથા સંગીતનો શોખ હતો. હરિદાસની પદ્ધતિએ કંઈક વખત સંગીત તથા વ્યાખ્યાન કરી, તેમને ત્યાં મળતાં સ્નેહી મંડળને તેઓ આનંદ આપતા હતા. હું મારી કૃતિ વાંચી સંભળાવી તેમાં ઉમેરો કરતો હતો. તેમનો આ વિષયમાં ખાસ અભ્યાસ નહીં હોવાથી, પદ્ધતિસર હરિકથા કરવાનું સાહિત્ય તેમની પાસે ન હતું. મારા સદ્ગત મોટાભાઇ હરિકૃષ્ણ જનગીભટ્ટ કવીશ્વર મારે ત્યાં રજા પર આવેલા હતા. તેમની સન્મુખ ડાકટર સાહેબે મને આખ્યાન લખવાનું કહ્યું. મારા મોટાભાઇએ મયૂરધ્વજ આખ્યાનના વસ્તુનું મને સ્મરણ કરાવ્યું. તે ઉપરથી જૂદાં જૂદાં પુસ્તકોમાંથી પ્રસંગને અનુસરતા શ્લોકો પસંદ કરી જનપ્રિયતાં પદો રચી, આખ્યાન લખી કાઢયું. એક પ્રેરણાનું કારણ આ પ્રમાણેનું હતું.

બીજું કારણ નીચે પ્રમાણે હતું. મારાં નિવાસ સ્થાન રાંદેર પાસે, ઉપરોક્ત નદીના તટપર, કુરૂક્ષેત્ર મહાદેવ આવેલા છે. સર્વ

બ્રાહ્મણોના ઇષ્ટ શ્રી શંકર ભગવાનની આ તીર્થસ્થળે ઉપાસના કરવાના, સંગીતનો આનંદ લેવાના, તથા જ્ઞાતિ બંધુઓને વખતો વખત આનંદ આપવાના વિ. ઉદ્દેશોથી, મારા જ્ઞાતિ બંધુઓએ એક શિવરાત્રિ મંડળ રાંદેરમાં સ્થાપેલું છે. તેમાંના એક બંધુ રા. અમૃતરામ કરૂણા શંકર શાસ્ત્રી જેઓ ગાઇ વગાડી જાણે છે તેમણે એક વખત હરિકથા કરી હતી. તેમને પણ હરિકથાનું સાહિત્ય જોઇએ તેવું ઉપસ્થિત નહતું. હરિદાસ પદ્ધતિએ કથા કરવા ઇચ્છતાં રા. અમૃતરામ તથા એવા અન્ય જ્ઞાતિ બંધુઓને માટે મારે આખ્યાન લખી આપવાં એમ મેં વિચાર કર્યો હતો. આ વિચાર પણ આખ્યાન લખવામાં પ્રેરક બન્યો હતો, ઉપરોક્ત બંધુએ તથા અન્ય બંધુએ હરિકથા કરવા વિશેષ પ્રયાસ કર્યો નહીં, અને મને પણ બીજાં આખ્યાન લખવાનો ઉત્સાહ થયો નહીં. પ્રભુ ઇચ્છા.

હરિદાસ પદ્ધતિએ કીર્તન સહ કથા કરવાની પ્રણાલિકા દક્ષિણમાં ઉદભવી ત્યાં બહુ ઉત્કર્ષને પામી છે તથા વિસ્તરી છે. શ્રી દત્તાત્રય બુવા તાંબે સાતારકરની હરિકથા જે કોઇને સાંભળવાનો પ્રસંગ મળે છે તેમને, તેમણે વેદાંત. સાહિત્ય પુરાણ વિ. નું કેટલા શ્રમથી કેવું પરિશીલન કરેલું છે તેનો ખ્યાલ આવે છે. પ્રસિદ્ધ દક્ષણી હરિકથાકારોએ અતિ પરિશ્રમ કરી આ પદ્ધતિને ઘણી ઉચ્ચમાનનીય સ્થિતિએ પહોંચાડી છે. ગુજરાતી બંધુઓ એમને અનુસરી કથા કરે છે, પણ એમના જેટલો પરિશ્રમ કરતા જણાતા નથી. આ હરિકથા આગળ આપણા ગુજરાતી માણભટ્ટોની કથા કેટલી બધી ઉતરતા પ્રકારની લાગે છે ! આ માણભટ્ટોની કથાએ પણ જનસમાજની સારી સેવા કરી છે. પણ જ્યારથી દક્ષણી

હરિકથા સંચાર પામી ત્યારથી આ કથાની પદ્ધતિ સંતાવા માંડી છે. ગુજરાતી બંધુઓએ પણ દક્ષણીઓની માફક અત્યંત પરિશ્રમ કરી આ પદ્ધતિમાં સંપૂર્ણ યશ મેળવવા પ્રયાસ કરવાની જરૂર છે.

આ પદ્ધતિની હરિકથા જનસમાજને ગમ્મત સાથે જ્ઞાન આપે છે અને તેના પર બહુ સારી અસર કરે છે મંદિરે મંદિરમાં તથા નાનાં મોટાં સર્વ સ્થળોએ આ પદ્ધતિએ કથા પ્રતિદિન અને તેમ ન બને તો અમુક વ્રત ઉત્સવના દિવસોએ થાય એ પ્રમાણે યોજના થવાની જરૂર છે રાજા મહારાજાઓમાં, શ્રીમંતોમાં, અને ભક્તિ પરાયણ મનુષ્યોમાં, હરિકથા પ્રત્યે અભિરૂચિ ઉત્પન્ન થઇ, હરિકથાનો સર્વને લાભ મળતો રહે તેવી યોજના કરવાની પ્રેરણા પરમાત્મા કરો.

હવે શાળાઓમાં ધાર્મિક શિક્ષણની અગત્યતા સમજાવા માંડી છે

આવા આખ્યાનો જો વિદ્યાર્થી સન્મુખ કરવામાં આવે અને તેમને શીખવવામાં આવે તો તેમાં પ્રતિપાદન કરેલા સદ્‌ગુણોની, ધાર્મિક ભાવનાઓની ઉંડી છાપ તેમના કુમળાં મગજમાં પડે અને ભવિષ્યમાં તેઓ ચારિત્ર્યવાન્ અને ધર્મશીલ નીવડે. આખ્યાનોમાંના શ્લોકો તથા પદો મુખપાઠ માટે યોજી શકાય અને સંગીતનો આનંદ લેતાં અને આપતાં શીખવી શકાય.

આ મયૂરધ્વજ આખ્યાનમાં નવધા ભક્તિમાંની અંતિમ આત્મ સમર્પણ ભક્તિનું પ્રતિપાદન કરી તેના સમર્થનમાં આત્મસમર્પણ કરનાર પરમભક્ત મહારાજા મયૂરધ્વજના ચરિત્રનું વર્ણન કરેલું છે. તેમનાં ધર્મપત્ની તથા પુત્ર બન્ને આત્માર્પણની મૂર્તિઓ જેવાં છે.

પહેલાંનાં સમયમાં એક બ્રાહ્મણ બાળકના જીવનની કીમત મહારાજાઓ કેટલી આંકતા તેનું આમાં ગર્ભિત રીતે સૂચન થાય છે. મહારાજા દીલીપના જેવા ગૌપ્રતિપાળનમાં તથા મહારાજા મયૂરધ્વજના જેવા બ્રાહ્મણ પ્રતિપાળનમાં આત્માર્પણ કરનાર ભારતવર્ષમાં રાજા મહારાજાઓને બનાવો તથા ભવિષ્યમાં ઉત્પન્ન કરો, અને જન સમાજમાં આત્મસમર્પણ ભક્તિ જામો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. ॥ હરિ: ૐ ॥

અમદાવાદ.
૨૫-૪-૧૪.

પુરૂષોત્તમ જોગીભાઈ ભટ્ટ.

अर्पण.

हरे राम हरे राम राम राम हरे हरे
हरे कृष्ण हरे कृष्ण कृष्ण कृष्ण हरे हरे.

હરિગીત.

મેળી પણ અતિ સ્નેહવાળી અર્પું આ જલ અંજલિ,
હરિ–કૃષ્ણ ચરણ સરોજમાં જેના મધુર મકરંદથી;
થાય એ અમૃતસમી વળી સુજન આદર પાત્ર એ,
પુનિત ચરણામૃતરૂપે હરતી ઉપાધિ માત્ર જે.
જલધિ અર્પે ક્ષાર જળ નિંજ મેઘ સુંદરશ્યામને,
કરી અંગીકાર તેનો ક્ષાર દોષો દૂર કરે;
સ્વચ્છ અમૃત સમું કરીને રેડતા વૃષ્ટિ રૂપે,
અખિલ સૃષ્ટિઝીલી જેને નવીન જીવન મેળવે.
આશા સઉ પૂરી કંઇ નથી રાખી તેમાં ન્યૂનતા,
સંસાર શાંત કરી દીધો ગુરૂ દાખવી અહ આ કૃપા;
હરિ શેષ ગુણ ગાવા રહ્યા પણ આપ કયાં વળી હું કયહાં
હે કૃષ્ણ દીનબંધુ લવારી અનુજ ભકતની રીઝવવા.

ॐ नमो भगवते वासुदेवाय.

श्री

મયૂરધ્વજ આખ્યાન

મંગલાચરણ.

वेदांतेषु यमाहुरेक पुरुषं व्याप्यस्थितं रोदसी
यस्मिन्नीश्वर इत्यनन्य विषयः शब्दो यथार्थाक्षरः ।
अंतर्यश्च मुमुक्षुभिर्नियमित प्राणादिभि मृग्यते
सम्थाणुः स्थिरभक्ति योग सुलभो निश्रेयसायास्तुवः ॥

જેને ઉપનિષદ આદિ વેદાંત ગ્રંથો વિષે, આકાશ અને પૃથ્વીવ્યાપીને રહેલા એવા અદ્વિતીય પુરૂષ તરીકે વર્ણવ્યા છે, બીજા કોઈને પણ સંબોધી નહીં શકાય એવા 'ઈશ્વર' શબ્દનો પ્રયોગ જે એકલાને વિષેજ યથાર્થ છે, અને જેને મુમુક્ષુ પુરૂષો પોતાના પ્રાણોનું નિયમન કરીને અંતઃકરણને વિષે ખોળે છે, તે દૃઢ ભક્તિ અને યોગથી સુલભ એવા અચળ શ્રી શંકર પરમાત્મા તમારૂં કલ્યાણ કરો.

ब्रह्मांडच्छत्रदंडः शतधृतिभवनां भोरुहो नालदंडः ।
क्षोणीनौकूपदंडः क्षरदमरसरित्पाट्टका केतुदंडः ॥

ज्योतिश्चक्राक्षदंड स्त्रिभुवनविजयस्तंभदंडोऽङ्घ्रिदंडः
श्रेयस्त्रैविक्रमस्ते वितरतु विबुधद्वेषिणां कालदंडः॥

જે બ્રહ્માંડ રૂપી છત્રના દંડ છે, જે કમળમાંથી બ્રહ્મા પ્રકટ થયા તેના જે નાલ દંડ છે, જે પૃથ્વીરૂપી નૌકા રૂપ દંડ છે, જે સ્વર્ગમાં વહેતી ગંગારૂપી પતાકાને ધારણ કરનાર દંડ છે, જે નક્ષત્ર મંડળરૂપી ચક્રના અક્ષ દંડ છે, ત્રિભુવન વિજયના સ્તંભરૂપ જેનો પાદ દંડ છે અને દેવતાઓના શત્રુ દાનવોનો જે કાળ દંડ છે તે વામનાવતાર રૂપ ત્રિવિક્રમ શ્રી વિષ્ણુ ભગવાન તમારૂં કલ્યાણ કરો,

राज्यं [illegible] लग्नतृणकंत्यक्तं गुरोराज्ञया
पाथेयं पृदिगृह्यकार्मुकवरं घो वन प्रस्थितः।
स्वाधीनः शशिमौलि चापविषये प्राप्तौ नवै विक्रियाम्
पायाद्वाः सविभीषणाग्रजनिहा रामाभिधानो हरिः॥

જેણે પિતાશ્રીની આજ્ઞાથી રાજ્યને પ્હેરેલાં વસ્ત્ર ને વળગેલાં તણખલાંનીમાફક ત્યજી દીધું અને જે સાથે માત્ર પોતાના ઉત્તમ ધનુષ્ય રૂપી પર્યટનની સામગ્રી લઇ ઘોર વનમાં પ્રયાણ કરવા નીકળ્યા અને સ્વાધીન મનથી શંકરનુ ધનુષ્ય ચઢાવતી વખત સ્હેજ પણ ડગમગ્યા નહીં તે વિભીષણના મોટાભાઇ દશાનનનો નાશ કરનાર શ્રી રામચંદ્રજીના નામથી વિખ્યાત શ્રી વિષ્ણુ ભગવાન તમારૂં રક્ષણ કરો.

मूकंकरो वाचाल पंगु लघयते गिरिम् ।
यत्कृपात मह वदे परमानंद माधवम् ।।

જેની કૃપા મુગા માણુસને વાચાળ બનાવે છે, અને પાંગળા માણુસને પર્વ ઓળંગી જવા સમર્થ કરે છે એવા પરમ આનંદરૂપ શ્રી કૃષ્ણુ પરમાત્માને હું પ્રણામ કરૂંછું.

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्तिदिव्यः स्तवैः
वेदैः सांगपदक्रमोपनिषदै गायन्तियं सामगाः ।
ध्यानावस्थित तद्गतेनमनसा पश्यन्ति यं योगिनो
यस्यान्त न विदुः सुरासुरगणादेवाय तस्मै नमः ।।

જેની દિવ્ય સ્તોત્રો વડે બ્રહ્મા, વરૂણ. ઇંદ્ર, રૂદ્ર, તથા મરૂત્ આદિ દેવતાઓ સ્તુતિ કરે છે, સામવેદનું ગાન કરનાર ઋષિઓ અંગો, પદ, ક્રમ અને ઉપનિષદો સહિત વેદો વડે જેનું ગાન કરે છે, અને જેનો અંત–જેનું સ્વરૂપ દેવ અને દાનવના સમૂહો જાણુતા નથી એવા તે દેવને હું નમસ્કાર કરૂં છું.

પૂર્વ રંગ.

પદ.—રાગ ધન્યા શ્રી

કર આત્મસમર્પણ ભાઇ, કર તું આત્મ સમર્પણ ભાઇ
માનેલા તુજ સર્વ પદાર્થો બુદ્‌બુદ્‌વત ક્ષણ સ્થાઇ
પરમાર્થે પ્રીતિથી ન વાપરશે જાશે વ્યર્થ અચિંત્યા વિલાઇ—કર.
તારૂં છે કયાં શાશ્વત, શીદ આસક્તિ આ પદ ધારી
સંભાળે છે રખે જોખમાશે જાણે કદિ જાવું નહીં— કર.
મારૂં કહે છે પણ શું છે તારૂં વિષય રચ્યા તેં કાંઇ
દેહ તુજ સાથે કયમ નાવે જો જરા ઉંડું વિચારી— કર.
ધન દારા સુત દેહથી પરહિત તારાં નથી તો તું સાખી
લ્હાવો લે અર્પણ કરવાનો સઉ રહે છે જયાંનું ત્યાંહી— કર.
અભિમાન તું શા પર ધરશે પંથ પરાર્થજ ન્હાઇ
જનહિત કર સઉ આત્મ ગણીને દર પ્રભુ ચરણે જાઇ— કર
અંતર જો ન વિરાગ દરે આ સંત શરણ સુખદાઇ
ધરતાં દિનદયાળુ તે તો સઉદુ:ખ દેશે દાહી— કર.
બળિરાજાએ હરિ પદ શિરપર ધાર્યાં ત્રિભુવન આપી
દીધી દધીચીએ સુરપતિ અર્થે અસ્થિ અસુને ત્યાગી— કર.
મયૂરધ્વજ રાજાએ મુકાવી મસ્તક કરવત કારી
સંતોષ્યા વિપ્રરૂપ હરિને વીરભક્ત તણી બલિહારી— કર.

પદકર્તા શું કહે છે—

કર આત્મ સમર્પણ ભાઇ, કર તું આત્મ સમર્પણ ભાઇ

આ સંસારને વિષે ત્રિવિધ તાપથી પીડિત થયેલા પરંતુ વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે સદાચારથી વર્તી મન જેનું પવિત્ર થયેલુ છે એવા સાધુ પુરૂષને પદ કર્તા ઉપદેશ કરે છે કે, હે ભાઈ તું આત્મસમર્પણ કર. આત્મસમર્પણભક્તિ તું કર.

ભક્તિ ઘણા પ્રકારની છે તેમાં આત્મસમર્પણભક્તિ કરવા કહેવાનું ખાસ શું કારણ છે? કારણ એટલુંજ કે—

અનુષ્ટુપ છંદ.

નવ પ્રકારની ભક્તિ, વર્ણવી શાસ્ત્રને વિષે
ભક્તિ સ્વાર્પણની તેમાં, ચૂડામણિ રૂપેજ છે.

નવ પ્રકાર કયા ?

श्रवण कीर्तन विष्णोः स्मरण पादसेवनम् ।
अर्चनं वंदन दास्यं सख्यमात्मनिवेदनम् ।।

હરિકથા તથા વેદાંતાદિ શાસ્ત્રોનું શ્રવણ કરવું તે શ્રવણ; વાદ્ય વિગેરે સંગીતનાં સાધન સાથે ઇશ્વરનાં સ્તુતિગાન ગાવાં તે કીર્તન; જપાદિક કરવાં અને શ્વાસે શ્વાસે પ્રભુનું નામ લેવું તે સ્મરણ; વિષ્ણુના ચરણકમળનું સેવન કરવું—પતિભાવથી સેવન કરવું—તે પાદસેવન; વિધિ વડે પૂજા કરવી તે અર્ચન; નમસ્કારાદિક કરવા તે વંદન, દાસભાવે સેવા કરવી તે દાસ્ય, મિત્રભાવે હરિને ભજવા તે સખ્ય, અને

ભગવાનને એટલે કે પરમાર્થમાં સર્વસ્વ અર્પણ કરવું તે આત્મ નિવેદન. એ પ્રમાણે નવ પ્રકારની ભકિત કહેવાય છે. આ નવ પ્રકારની ભકિત સેવન કરીને વિવિધ ભકતજનો પરમ પદને પ્રાપ્ત થયા છે; તેમા મુખ્યત્વે—

श्रीकृष्णश्रवणे परीक्षिदभवद वेयासिकी कीर्तने
प्रह्लादः स्मरणे तदंघ्रिभजने लक्ष्मीः पृथुः पूजने ।
अक्रूरस्त्वभिवदने कपिपयिर्दास्येच सख्येऽर्जुनो
देवस्यात्मनिवेदने बलिरभूत्सर्वस्व सपूजने ॥

શ્રીકૃષ્ણ પરમાત્માની શ્રવણરૂપ ભક્તિ પરીક્ષિત રાજાએ, કીર્તનરૂપ ભક્તિ વ્યાસ મુનિના પુત્ર શુકદેવે, સ્મરણરૂપ ભકિત પ્રલ્હાદજીએ, પાદસેવનરૂપ ભકિત લક્ષ્મીજીએ, અર્ચનરૂપ ભકિત પૃથુરાજાએ, વંદનરૂપ ભકિત અક્રુરજીએ, દાસ્યરૂપ ભકિત વાનરોના પતિ હનુમાનજીએ, સખા તરીકે ભકિત અર્જુન, અને આત્મ નિવેદનરૂપ ભકિત બલિરાજાએ સર્વસ્વ અર્પણ કરી હતી.

અંતિમની આત્મસમર્પણરૂપ ભકિત ઉત્કૃષ્ટ તો છે ખરી; પરંતુ આ સંસારના અનેક મોહક પદાર્થોમાં આસકત થયેલા મનુષ્યને પ્રાપ્ત થવી સહેલ નથી. કોઈક હમેશાં સહેલું કામજ કરનાર અને કાંઇ પણ કઠણ કામ આવી પડે કે તેને નવ ગજના નમસ્કાર કરનાર પુરૂષ

કહેશે કે આ નવ પ્રકારની ભકિત કહી છે તેમાં બેઠાં બેઠાં કથા વાર્તા શ્રવણ કરવાની, તથા પુણ્ય માર્ગ વિષે પ્રવૃત્તિ કરાવનાર હરિકીર્તનરૂપ ગમ્મત કરવાની વિગેરે સરળ ભકિત મૂકીને કોઇથી સહેલાઈથી ન મેળવી શકાય એવી આત્મ-સમર્પણ ભકિતને ખાસ આગળ ધરવાનું શું પ્રયોજન છે, તે સમજી શકાતું નથી.

ગૃહસ્થાશ્રમનાં ક્ષણિક સુખોમાં રચીપચી રહેલા અને ગૃહસ્થાશ્રમને તેથી ધન્ય માનનારા હે પુરૂષ ખરે તારાથી નહિજ સમજી શકાય.

ગૃહસ્થાશ્રમના સુખોનું કવિ વર્ણન કરતા કહે છે કે—

सानंदं सदनं सुताश्च सुधियः कान्ता मृदुर्भाषिणी
स्वेच्छापूर्णधनं स्वयोषिति रतिः स्वाज्ञापरा सेवका।
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपाने गृहे
साधोर्मैत्र मरोगिताच सतत धन्यो गृहस्थाश्रमः ॥

આનંદયુકત ગૃહ, બુદ્ધિમાન પુત્રો, મધુર બોલનારી સ્ત્રી યથેચ્છ ધન સંપત્તિ, પોતાની પત્નીમાં પ્રીતિ આજ્ઞાનુસાર વર્તન કરનાર સેવકો અતિથિઓનો આદર સત્કાર દરરોજ શંકરની પૂજા, ગૃહમાં મધુર નાના ખાનપાન, હંમેશાં સત્પુરૂષની મૈત્રી, તથા તંદુરસ્તી; આ પ્રમાણેની સુખની સામગ્રી જે ગૃહસ્થાશ્રમમાં સંપૂર્ણપણે વાસ કરી રહેલી

છે તેવા ગૃહસ્થાશ્રમને ધન્ય છે.

ઉપર વર્ણવેલાં સુખો કોઇ પુણ્યાત્માનેજ સર્વાંશે પ્રાપ્ત થાય છે. સંસારમાં આ બધાં સુખો એકત્ર ભાગ્યેજ જણાય છે; પણ કોઈને અમુક સુખની ન્યૂનતા તો કોઇને અમુક અન્ય સુખની ન્યૂનતા એ પ્રમાણેજ બહુધા જોવામાં આવે છે. વળી ઉપર કહેલાં સુખો સ્થાયી ન હોવાથી તેમાં આસકત રહી દુર્લભ મનુષ્ય જન્મ ગાળી નાખવો એ યોગ્ય નથી. કહ્યું છે કે—

महता पुण्यपण्येन क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं तर यावन्न भिद्यते ॥

મહાન પુણ્યોરૂપી કીંમત આપીને આ દેહરૂપી નૌકા તેં, દુઃખરૂપી સંસાર સાગર તરી જવાને ખરીદી છે, તે ભાંગી ન જાય એટલામાં તારે તરી જવું જોઇએ.

હવે કહો ! પોતાનું શ્રેય વિચારનાર કયો પુરૂષ આ ક્ષણિક સુખોમાં આસકત રહેશે? શ્રેય સાધવા ઇચ્છનાર ઉપાયની કઠિનતા અથવા સરળતા ઉપર દૃષ્ટિ રાખતો નથી તેની નેમ તો પોતાનો પરમ અર્થ સિદ્ધ કરવાપરજ હોય છે, વળી સ્હેલું એટલુંજ કાંઈ સર્વાંગે ઇષ્ટપ્રદ હોતું નથી અને ઈષ્ટપ્રદ હોય તે કદાપિ કઠિન હોય તોપણ ધીર પુરૂષો કે જેમને ઈષ્ટ પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા છે તેમણે અનાદર કરવા યોગ્ય

નથી. સાર્થક શ્રવણ, કીર્તન વિગેરે ધારીએ તેટલા સહેલા નથી. શ્રવણ કરેલું, અને કીર્તનમાં ગવાયેલું આચારમાં ઉતારવું જોઇએ પછી તે સહેલું હોય કે કઠિન. સર્વ ભકિતઓનું પર્યવસાન આત્મસમર્પણમાં છે અને તે વિના પરમ પુરૂષાર્થ પ્રાપ્ત થઇ શકતો નથી, માટેજ તેને પ્રધાનપદ આપવામાં આવ્યું છે. એજ પરમ કસોટી છે અને દરેક ભકતે એ કસોટીમાંથી પાર ઉતરવાનુંજ છે. ધ્યેય હમેશાં ઉચ્ચતમ હોવું જોઇએ જેમ ધ્યેય ઉચ્ચતમ તેમ તેને માટે પ્રયાસનો વેગ બળવાન કરવો પડે છે; અને

नायमात्मा बलहीनेन लभ्यः ।

આ આત્મા નિર્બળ મનુષ્ય મેળવી શકતો નથી. આત્મ સમર્પણમાં સઘળાં બળની જરૂર છે અને સઘળા બળના ઉપયોગથી પરમાત્મા પ્રાપ્ત કરી શકાય તેમ છે.

સંસારમાં ત્રણ પુરૂષાર્થ ધર્મ અર્થ અને કામમાં અંતર્ગત નજીવી ચીજ મેળવવામાં અત્યંત કષ્ટ પડે છે તે સર્વને સુજ્ઞાત છે; તો પછી પુરૂષાર્થ શીરોમણિરૂપ મોક્ષપ્રાપ્તિમાટે શ્રમ પડે એમાં તો કહેવુંજ શું ?

સાકી.

મુક્તાફળ મેળવે કેશરી જે કરિકુંભો ચીરે,
સાગર તળિયે જોએ તેને મળે, ન મોતી તીરે.

તો પછી સજ્જન હે મુક્તિ કયમ શ્રમ વીણ પમાયે.
વિરાગરૂપી ગિરિ શિખરપર ભક્તિ કલ્પતરૂ ઉગે.
મોક્ષરૂપ ફળ લાગ્યું તેને કયમ કરીતે જન જૂએ?
ચઢવા મંડે ના ઉંચાઇ થકી ગભરાએ.

ડુંગર જોઇનેજ થાકી જાય છે તેનાથી ઉપર ચઢી શકાતું નથી. પરંતુ કટિબદ્ધ થઇ ધીરેધીરે ચઢવા મંડે છે તેજ શિખરપર સ્થિત થાય છે અને સર્વ લાભ મેળવે છે. વિરાગ હોય તો આત્મસમર્પણ કેવું સહજ છે તે આગળ પદના વિવેચનથી જણાશે. શ્રેયઃસાધકને કઠિન હોય તે પણ સહેલું છે. અન્યને સહેલું તે પણ કઠિન છે, માટે સજ્જન, આત્મસમર્પણ કરવું એજ સર્વાર્થ સાધક છે આત્મસમર્પણ ભકિતને વિષે દૃઢચિત્ત થવાને માટે વિરાગ થવાની જરૂર છે,

विरागः कः ? इहामुत्र फलभोगेषु इच्छाराहित्यम विरागः

આ લોક અને પરલોકના કર્મના ફળરૂપ ભોગો વિષે અત્યંત નિસ્પૃહતા રાખવી એનું નામ વિરાગ, વિરાગનો મહિમા નીચે પ્રમાણે કહ્યો છેઃ—

बद्धोहिकोयो विषयानुरागी ।
कोवाविमुक्तो विषयाद्विरक्तः ।।

વિષયો વિષે જેને પ્રીતિ છે તેને બંધાયલે સમજવો અને વિષયોપરથી જેની પ્રીતિ ઉઠી ગઇ છે તે મુકતજ થઇ

ગયો છે. પરંતુ વિષયાસક્ત પામર પુરૂષોને વિષયપરથી ચિત્ત-વૃત્તિ ઉઠાડવીજ અતિ મુશ્કેલ છે તો તેનો અત્યંત વિરાગ તો થઈજ ક્યાંથી શકે ? ગમે તેટલા મનુષ્યો ભણીને પંડિત થાય છે છતાં જેણે મનની ગતિનો વેગ અટકાવવાનો અભ્યાસ પાડ્યો નથી તેને તેની વિદ્યા પણ સહાયકારી થતી નથી ગાડી, લાડી અને વાડી જેવા અનેક વિષયો મનુષ્યને મોહમાં ડુબાવી દે છે. આ જેવા વિષય વિદ્વાનને પણ કેવા ભૂલા-વામાં નાખે છે તેનું કવિ વર્ણન કરતાં વિદ્વાન મુખે કહે છેઃ-

उपनिषदः परिपीता गीतापि चहंत मतिपथनीता ।
तदपि न हा विधुवदना मानसं सदनाद्बहिर्याति ॥

ઉપનિષદ્દોનો સારી રીતે અભ્યાસ કર્યો અને ગીતાનો પણ વારંવાર વિચાર કરવામાં કાંઈ બાકી રાખ્યું નહિ. છતાં અરેરે આ ચંદ્રમુખી જે ચિત્તમાં ઘર કરી બેઠી છે તે બહાર નીકળતી નથી, વળી કવિ વિષયી મનુષ્યનું વર્ણન કરતાં તે અધરામૃતના પાનને કેટલું ઉચ્ચસ્થાન આપેછે! ત વિષે કહેછેકેઃ-

अमृतममृतं कः संदेहो मधून्यपि नान्यथा
मधुरमधिकं चूतस्यापि प्रसन्नरसं फलम् ।
सकृदपि पुनर्मध्यस्थः सन्रसान्तरविज्जनो ॥
वदतु यदि हान्यत्स्वादुः स्यात्प्रिया दशनच्छदात् ॥

અમૃત એ તો અમૃતજ એમાં કાંઈ સંદેહ નથી, મધ

એ પણ મધજ. તેમ પરિપકવ મિષ્ટ રસથી ભરેલું આમ્રફળ પણ ઘણું મધુર એમાં કહેવા જેવું નથી. છતાં એકવાર ફરી મધ્યસ્થ થઇ સર્વ રસાસ્વાદ જાણનાર. હે, રસિક પુરૂષ, કહો કે અહીં પ્રિયાના અધરના આસ્વાદના રસથી અધિક બીજો કોઇપણ મધુર રસ છે ?

આવી રીતે જૂદા જૂદા વિષયોમાં મનુષ્યની આસક્તિ કેવી રહે છે તે કવિઓએ વિવિધ પ્રકારે વર્ણવી છે; તેમજ લંપટ પુરૂષને વિષયોનું યથાર્થ સ્વરૂપ દર્શાવવાને પણ કવિવરોએ અનેક પ્રકારે બોધ કર્યો છે. કહ્યું છે કેઃ—

श्रियादोला लोला विषयजरसाः प्रान्तविरसाः
विपद्गेहंदेहं महदपिधनं सूरिनिधनम् ।
बृहच्छोको लोकः सततमबला दुखःबहला
तथाप्यस्मिन् घोरपथि बतरता हन्त कुधियाः ।।

લક્ષ્મી હીંડોળાની માફક ચલાયમાન છે, વિષયના રસો અંતે નીરસ જણાય છે, દેહ સર્વ આપત્તિઓનું ઘર છે, મોટી મોટી ધન સંપત્તિઓ પણ મોટાં મરણને શરણ કરે છે, સર્વ લોકોમાં અનેક મોટા મોટા શોકો રહેલા છે, સ્ત્રીઓ હંમેશાં બહુ દુઃખ આપવાવાળી છે; છતાં અરેરે આ ઘોર સંસારને વિષે કુબુદ્ધિઓ રચ્યા પચ્યા રહે છે.

વિષયી જ્યારે રાગા અધર રસપાનને અમૃતરૂપ ગણે

છે ત્યારે અન્ય સજ્જનો ખરો કલ્યાણકારક મધુર રસ કયાં રહેલો માને છે, તે વિષે કવિ કહે છે:—

मृद्विकार सितासिता समशिआस्फीतं निपीत पयः
स्वर्यातेन सुधाप्यधायिकतिधा रंभाधरः खंडितः।
सत्यं ब्रूहिमदीय जीवभवता भूयोभवे भ्राम्यता
कृष्णेत्यक्षरयोरयं मधुरिमोद्गारः क्वचिल्लक्षितः ।।

દ્રાક્ષો ખાધી, સાકરનો સ્વાદ લીધો, સ્વચ્છ દુધનું પાન કર્યું, સ્વર્ગમાં જઇ ઘણીવાર અમૃતનું પાન કર્યું તથા રંભાના અધરનું ચુંબન કર્યું; છતાં હે જીવ સાચું કહે કે વારંવાર આ સંસારમાં ભ્રમણ કરતાં તને કૃષ્ણ એ અક્ષરોમાં જે આ મીઠાશ રહેલી છે તેનો કયાંય અનુભવ થયો છે? તેનો ઓડકાર પણ આવ્યો છે?

વળી કવિ કહે છે કે—

किं दधिना किं मधुना किं सुधया किं चवसुधया खिलया।
यदि हृदयहारि चरितः पुरुषः पुनरेति नयनयोरयनम् ।।

જેની મનોહર લીલા છે એવા પુરૂષોત્તમનું જો દર્શન થાય તો દહિથી શું, મધથી શું. અમૃતથી શું કે આખી પૃથ્વીથી શું! કોઇપણ વિષય પુરૂષોત્તમના દર્શનના જેવી તૃપ્તિ ઉત્પન્ન કરી શકે તેમ છે? નહિજ, કોટી કાળે નહિ.

વિષયોની તુચ્છતા ક્ષણિકતા અને દુઃખરૂપતા સમજાય તોજ વિરાગ ઉત્પન્ન થાય છે માટે પદકર્તા કહે છે:—

માનેલા તુજ સર્વ પદાર્થો બુદ્બુદવત ક્ષણસ્થાઇ,
પરમાર્થે પ્રીતિથી ન વાપરશે જાશે વ્યર્થ અચિંત્યા વિલાઇ;
તારૂં છે કયા શાસ્વત્ શીદ આસકિત આપદ ધારી
સંભાળે છે રખે જોખમાશે જાણે કદિ જવું નાહી

તારા ગણેલા સર્વ પદાર્થો પાણીના પરપોટા માફક ક્ષણ ભર ટકે એવાજ છે તેનો મિથ્યા આસકિતથી સદુપયોગ નહિ કરે, તો ઓચિંતા વ્યર્થ નાશપામી જશે. તેમજ હે સજ્જન, દેહની સ્થિતિનું પણ નકકીપણું નથી, કયારે પડશે તેની કોઈને ખબર નથી. દેહ અવશ્ય નાશવંત છે તો તે મિથ્યા પદાર્થ પર અત્યંત પ્રીતિ રાખી તેને રખે કાંઈ નુકસાન થશે એમ હંમેશા સંભાળી રાખી અન્યને માટે ઉપયોગ ન કરવો અને સ્વધર્મ ન બજાવવો એ કેવળ મૂર્ખતાજ છે. દેહ પ્રારબ્ધવશાત્ સુખદુઃખ ભાગી થાય છે અને નાશ પણ પામે છે તો એનો જેટલો અન્ય માટે ઉપયોગ થાય એજ એનુ સ્વાર્થકય છે તું તારા સુખ અર્થે પોતાના માનેલા પદાર્થોનો પરમાર્થમા ઉપયોગ ન કરશે તો સર્વનિયંતા ઇશ્વર જેને જડ-વાદીઓ કૃદરત અથવા પ્રકૃતિ કહે છે તે બળાત્કારે મૃત્યુ-દ્વારા સમર્પણ કરાવી દેશે.

હમણાં વસ્તુસ્થિતિ કેવી થઈ છે તે સુજ્ઞોને અજ્ઞાત નથી, મહામારીના ભયંકર ઉપદ્રવ સમયે અન્યને સહાય કર-વાનું તો બાજુએ રહ્યું પરંતુ સ્નેહી સંબંધીઓને પણ

દુઃખ વખતે મદદ કરવા તેની પાંસે જતા મનુષ્યો ભય ધરતાં હતાં.

પતિ પાંસ નવ જાય પદ્મિની પાળી પ્રીતે,
દુધ પી ઉછર્યો પુત્ર દૂર રહે માત થકી તે;
ભાઇ પાંસ નહિ બ્હેન મિત્ર પાંસે નહિ સ્નેહી,
અવર સંબંધી તણી પછી શી વાતજ કહેવી !
પણ હે કૃતઘ્ન માનવી તુજ સંભાળ્યું ના રહે,
તો શૂરવીરપણું છોડીને શીયાળપણું શિદને ગ્રહે !

શબને ગાડામાં ઘાલી લઇ જવાના પ્રસંગ પણ દેહપર આવી નીચ આસક્તિને લીધે ઘણા બન્યા હતા.

પરંતુ હે સજ્જન ! વિચારવું જોઇએ કે આમ આસક્તિ રાખવાથી મૃત્યુમાથી હંમેશને માટે બચી જવાતું હોય તો ઠીક, પણ તેમ નથી, એ તો બીકણ શ્વાનક વર્તવું, એ કેવળ બદનામી મેળવવા માટેજ. અશ્વત્થામા પોતાના સૈનિકો મૃત્યુના ભયથી નાસતા હતા તેમને ઉદ્દેશી બોલ્યા હતા કેઃ—

यदि समरमपास्य नास्ति मृत्यो
र्भयमिति युक्तमितोऽपयातुम ।
यदि मरणमवश्यमेव जन्तोः
किमिति मुधामलिनं यशः कुरुध्वे ॥

જો રણભૂમિને છોડી જઇને મૃત્યુનો ભય રહેતો ન હોય તો અહીંથી નાસી જવું ઠીક છે; પણ જો પ્રાણી માત્રનું

મરણ અવશ્ય થવાનું જ છે તો નકામો અપયશ શું કરવા વ્હોરો છો ?

વળી પદ કર્તા કહે છે કે—

> મારૂં કહે પણ શું છે તારૂં વિષય રચ્યા તેં કાંઇ,
> દેહ તુજ સાથે ક્યમ નાવે જો જરા ઉંડું વિચારી.

હે સજ્જન. વિચારીને જોશે તો તને જણાશે કે જેના પર તું માલિકીનો દાવો રાખે છે તથા મમત્વ ધરે છે તે સર્વ વિષયો પણ તારા નથી. હમેશાં તારી પાસે રહેતા નથી માટે તારા નથી. તેમજ તેં તેને ઉત્પન્ન કર્યા નથી માટે પણ તારા નથી. પરમકૃપાળુ ઇશ્વરે તારે માટે સર્વ પદાર્થો સૃજ્યા છે દેહ પણ તારો નથી, કારણ સદેહે કોઇ ગયું નથી તારા માનેલા દેહને તુંજ છોડી દે છે. સાથે લઇ જવાનો નથી. કોઇની સાથે ગયો પણ નથી. માટે હે સુજ્ઞ વિચાર શીલ મનુષ્ય. દેહ અને ઇતર વિષયોપરથી આસક્તિ ઉઠાવવી યોગ્ય છે.

> ધનદારા સુત દેહથી પરહિત, તારાં નથી તો તું સાધી,
> સ્હાંપ્યાં સે અર્પણ કરવાનો. સઉ રંક છે જ્યાંનું ત્યાંહી.

આ નશ્વર દેહાદિક વિષયો પરમાર્થે વપરાય એજ તેનું સાર્થક છે; દેહ અને બીજા વિષયો તારા નથી તો તેમનો કદાચ તું અન્યને અર્થે ઉપયોગ કરે તો તેમાં તેં વિશેષ શું કર્યું તે કહે—

' તું કહતા મયઁ દાતા હું પણ માલ કહાંસે લાયા હે ? '

તારે તો નિમિત્ત માત્ર બનીને અર્પણ કરવાને લ્હાવો લેવાનો તને પ્રાપ્ત થયો છે તે સંપુર્ણ રીતે લઇ આનંદ માન.

તું જે આ સૃષ્ટિમાં દાન કરશે તે દાન, કોઇ ઉદાર પુરૂષે પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા બાળકો માટે સ્વદ્રવ્યથી ઇનામ અપાવી કોઇ ભાગ્યશાળી સંભાવિત સદ્ગૃહસ્થને હસ્થે તે ઇનામો વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવે છે અને જે દેખાવમાં સદ્ગૃહસ્થ તરફથી દાન થાય છે તેના જેવું છે.

અભિમાન તું શાપર ધરશે પંથ પરાર્થજ સદાઇ,
જનહિત કર સઉ આત્મ ગણીને હર પ્રભુ ચરણે જાઇ.

ઉપર કહ્યું તે ઉપરથી તને જણાયું હશે કે હું કરૂં છું હું આપું છું એવું અભિમાન તારે ધરવાનો લેશપણ અવકાશ રહ્યો નથી; માટે મમતા તથા અહંતા ત્યજ, સર્વ વસ્તુ પરમાર્થમાં અર્પણ કર અને પ્રભુ ચરણનું શરણ ગ્રહણ કરીને શાંત થા.

દલપતરામ કવિ કહે છે છે કે: 'શી રીત ઇશ્વર રીઝશે, તે સારૂં કોનું કર્યું ? ' ગીતામાં શ્રી ભગવાને અર્જુનને કહ્યું છે કે—

यत्करोति यदश्नाषि यज्जुहोसि ददासियत् ।
यत्तपस्यसिकौंतेय तत्कुरुष्व मदर्पणम् ॥

હે અર્જુન તું જે કરે, જે પ્રાશન કરે, જેનો હોમ કરે, જે દાન કરે, જે તપ કરે તે સર્વ મને અર્પણ કર. અને,

सर्वं धर्मान् परित्यज्य मामेक शरणं व्रज

સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને ફક્ત મારે શરણે આવ. શુભ કાર્યો નિષ્કામ કરવાં તે ઇશ્વરને અર્પણ કરવા તુલ્યજ છે, પરોપકાર સર્વને આત્મરૂપ જોવાથી થઇ શકે છે.

आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति

જે સર્વ પ્રાણીમાત્રને આત્મરૂપ જુએ છે તેજ ખરેખરૂં જુએ છે, અન્ય નહિ.

સંસારના પદાર્થોપર ઉપર કહ્યા પ્રમાણે વિરાગ અને નિષ્કામ પરોપકારના કાર્ય કરવાની ઉદાર વૃત્તિ શી રીતે ઉત્પન્ન થાય તથા દૃઢ બને તે માટે પદકર્તા કહે છે કે સત્પુરૂષની સંગતિ એજ વિરાગાદિકની પરમ પોષક છે.

અંતર જો ન વિરાગ ઠરે આ સંત શરણ સુખદાઇ,
ધરતાં દીન ત્યાણ તે તો સવિ દુઃખ દેશે દાઇ.

સંતો કેવા છે તે માટે કવિવરો કહે છેઃ—

अनवरतपरोपकार व्यग्रीभवदमलचेतसां महताम् ।
आपात काटवानि स्फुरंति वचनानिभेषजानीव ॥

હંમેશાં પરોપકાર કરવામાંજ જેમનાં નિર્મળ ચિત્ત વ્યાપૃત છે એવા મહાન પુરૂષોના વચનો જે નીકળે છે તે પ્રથમ સાંભળતેજ માત્ર કડવાં પણ પરિણામે ઔષધોના માફક પરમ સુખકારી હોય છે.

उपरि करवाळधाराकारा क्रूराभुजंगमपुंगवात् ।
अंतः साद्द्राक्षा दीक्षागुरवो पयन्ति केपि जनाः।।

દેખાવમાં જે તરવારની ધાર જેવા તીક્ષ્ણ અને મોટા સર્પથી પણ જે ક્રૂર હોય છે પણ અંતઃકરણ જેમનાં દ્રાક્ષના ગુણો દર્શાવનારા હોય છે એવા અકથ્ય મહિમાવાળા મહાત્માઓ જયને પામે છે.

આવા સંત પુરૂષોના સમાગમથી અવર્ણનીય લાભ થાય છે, કુસંગતીનું શું પરિણામ છે તે દર્શાવવામાં એક નીચેનું દૃષ્ટાંત પ્રખ્યાત છે. મળને લઈ જતા અંત્યજ પર દૃષ્ટિ પડતાં નાક આગળ હાથ ધરતા પુરૂષને જોઇ મળને વાણી પ્રાપ્ત થઇ અને તે કહે છે:—

શું મૂકે મુખ હાથ મૂર્ખજનહે જે હું સ્વરૂપે સદા
સર્વે માંહી પુનિત ને સકલને પુષ્ટિ તથા પ્રાણદા
તારા નીચ કુસંગથી મુજ થઇ આવી અવસ્થા અરે
માતા સંગ મળે ફરી થઇશ હું પૂર્વ સ્વરૂપે ખરે

સત્સંગતીનો મહિમા કવિઓએ કેવો કહ્યો છે,

दूरी करोति कुमतिं विमली करोति
चेतश्चिरंतनमघं चुलुकी करोति
भूतेषु किंच करुणां बहुलीकरोति
संग सतां किमु न मंगल मातनोति

સંતસમાગમ કુબુદ્ધિનો નાશ કરે છે, ચિત્તને નિર્મળ કરે છે, દીર્ઘકાળનાં પાપોનું નિવારણ કરે છે અને પ્રાણીઓ ઉપર દયા ઉપજાવે છે. એવું શું શુભ છે કે જે સત્સંગ પ્રાપ્ત નથી કરાવતો? અર્થાત્ સર્વ મંગળમયવસ્તુનો લાભ સત્સંગતિથી થાય છે. સજ્જનોની સંગતિ હંમેશાં કરવાથી યોગ્ય સ્થિતિ થએ આચાર્યરૂપ સદ્‌ગુરૂનો લાભ થાય છે અને સમર્થ સદ્‌ગુરૂ મળે છે તો પછી આ સંસારમાં કાંઇ પણ ભયનું કારણ રહેતું નથી. જનકને યાજ્ઞવલ્કય મુનિ પ્રાપ્ત થતાં ॥ **अभयं वै जनक प्राप्तोऽसि** ॥ થયું. હે જનકરાજા તું નિર્ભય થયો છે એમ થયું.

ગુરૂ નામધારી તો ઘણા હોય છે પણ આપ્ત કામ સદ્‌ગુરૂ મળવા તો કઠિન છે. કહ્યું છે કે:—

गुरवो बहवः सन्ति शिष्यवित्तापहारकाः
गुरवो विरला सन्ति शिष्यसंतापहारकाः ॥

શિષ્યોનું દ્રવ્ય હરણ કરનારા બહુ હોય છે, પણ શિષ્યોનો સંતાપ હરણ કરનારા ગુરૂ વિરલ હોય છે, છતાં આપણે સાધન સંપન્ન થયા હોઇએ તો ઈશ્વર પોતેજ સદ્‌ગુરૂનો સમાગમ કરાવે છે; કારણ કે **गुरुरेव हरिः** ગુરૂ એજ પરમાત્મા છે.

परिपक्वमला येतान् उत्सादनशक्तिहेतुपातेन ।
योजयतिपरे तत्त्वे सदीक्षयाचार्यमूर्तिस्थः ॥

જેઓના મળ નશોન્મુખ થયા હોય છે તેવા અધિકારીઓના જ્ઞાનમાં પ્રતિબંધ કરનારા મળને નિવૃત્ત કરવાથી શક્તિ યોજીને તેમને પરમાત્મતત્ત્વમાં લગાડવાની જેમની દિક્ષા છે એવા આચાર્યની મૂર્તિ વિષે ગુરૂરૂપે તે પરમાત્માજ નિવાસ કરી રહેલા છે વળી;

કાળાં અભ્રો સુરંગે વિવિધ અતિ દીપે જ્યાં સુધી સૂર્ય સંગે,
થાએ છે લોહ સ્વર્ણ સ્ફટિક મણિ તણા સ્પર્શ માત્ર પ્રસંગે;
જો પુણ્ય કંઇ જનોને વિરલ જગ વિષે સદ્દગુરૂ સંગ થાએ,
પાપો તાપો હરાતાં હરિ•રૂપ બનતા સંત કેરી કૃપાએ.

માટે સંત પુરૂષોની સંગતિથી અંતઃકરણમાં વિરાગને દૃઢ કરીને આત્મસમર્પણ ભક્તિ પ્રાપ્ત કરવી તેથી હે સજ્જન, તારા સર્વ અર્થ સરશે. આ ભક્તિ કોણે કરેલી તેના પરમ પાવન દૃષ્ટાંત આપતા પદકર્તા કહે છેઃ—

બળિરાજાએ હરિપદ શિરપર ધાર્યાં ત્રિભુવન આપી;
દિધા દધિચિએ સુરપતિ અર્થે અસ્થિ અસૂને ત્યાગી.
મયૂરધ્વજ રાજાએ મૂકાવી મસ્તક કરવત કારીઃ
સંતોષ્યા વિપ્રરૂપ હરિને વીર ભક્ત તણી બલિહારી.

બળી રાજા તથા દધીચી મુની સર્વસ્વ અર્પણ કરી પરમપદને પામ્યા તેવીજ રીતે પ્રાતઃસ્મરણીય એવા મયૂરધ્વજ રાજાએ પણ બ્રાહ્મણનું રૂપ ધરી આવેલા શ્રીકૃષ્ણ પરમાત્માને પ્રસન્ન કર્યા હતા. માટે સર્વ જનોને તેમના પ્રસિદ્ધ દૃષ્ટાંતથી

આત્મસમર્પણ ભકિત વિશે પ્રેરવાને તેમનું આખ્યાન હમણાં કહેવામાં આવે છે. શ્રી ભગવાન કહે છેઃ—

यथा यथात्मा परि मृज्यते सौ
मत्पुण्य गाथा श्रवणाभिधानैः ।
तथा तथा पश्यति वस्तु सूक्ष्मं
चक्षुर्यथैवांजन संप्रयुक्तः ॥

મારા પરમ પવિત્ર આખ્યાનો શ્રવણ કરીને તથા કહીને જેમ જેમ આ જીવ પવિત્ર બનતો જાય છે, તેમતેમ આંખમાં અંજન આંજવાથી જેમ ઝીણી વસ્તુ સ્પષ્ટ જણાય છે તેમ તે સૂક્ષ્મ વસ્તુ જોવા માંડે છે.

ઉત્તર રંગ. મયૂરધ્વજ આખ્યાન.

કુરૂક્ષેત્રના યુદ્ધમાં વડીલ, મિત્ર કુટુંબી તથા અન્ય સંબંધી વર્ગ જે શત્રુ બની સન્મુખ ઉભા રહી લડયા હતા તેનો નાશ કર્યો હતો, તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવાને તથા અંતઃકરણનું સાંત્વન કરવાને યુધિષ્ટિર રાજાએ ચક્રવર્તી રાજાની શોભા તથા યશમાં વૃદ્ધિ કરનાર એવા અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો હતો. તેમાટે યોગ્ય અશ્વને દિગંતોમાં ફરવા છુટો મૂકવામાં આવ્યો હતો અને તેના રક્ષણ માટે ગાંડીવધારી અર્જુન તથા કર્ણ પુત્ર વૃષકેતુ વિગેરેને મોટી મહા પ્રબળ સૈન્ય સાથે તેમનાપર દિગવિજય મેળવી પોતાનુ સાર્વભૌમ પદ પ્રત્યેક રાજા પાસે કબુલ કરાવવા મોકલ્યા હતા.

બભ્રુવાહન સાથે યુદ્ધ કરતાં મૃત્યુ પામેલા અર્જુનને સજીવન કરવા શ્રીકૃષ્ણ પરમાત્મા પણ આવીને તેમની સાથે જોડાયા હતા. અશ્વને આગળ કરી સૈન્ય પ્રયાણ કરતું હતું. અશ્વે ફરતાં ફરતાં મયૂરધ્વજ રાજાના પ્રદેશમાં પ્રવેશ કર્યો મયૂરધ્વજ રાજાએ પણ અશ્વમેધ યજ્ઞ શરૂ કર્યો હતો; અને તેનો અશ્વ લેઇ તેનો પુત્ર તામ્રધ્વજ નીકળ્યો હતો. તેનું સૈન્ય જ્યાં પડાવ નાખી રહ્યું હતું ત્યાં પાંડવોના અશ્વ આવી પહોંચ્યો તેને તામ્રધ્વજના સૈનિકોએ—

દીઠો દૂરથી અશ્વ આવતો અનૂપ
સર્વ ચકિત થયા જોઇ તેનું રૂપ
મારી ખુંખર ત્યહાં અશ્વ એક ભારી
ચોંક્યા સૈનિકો જૂએ છે તેને ધારી
સ્વર્ણ પત્ર શિરે સત્રનું સોહાય
સૂર્ય કિરણ પડે નયન ઝંખવાય
ઉંચી ગ્રીવાની કમાન મનોહારી
પૃષ્ઠ છે વિશાળ પ્રૌઢ અંગ ભારી
સ્વર્ગ સુધી ગતિ કરાવનાર દીસે
ચાલ નીરખી વીરતણાં હૃદય રીઝે
પુણ્ય પુંજ પૃથિવી વિચરતો જણાય
ધન્ય સ્વામિ એનો સર્વથા ભણાય.

તામ્રધ્વજનો તુરંગ પણ એટલામાંજ ફરતો હતો તે સામો મળ્યો, બન્નેએ એકમેકને સૂંઘ્યા, કર્ણ ઉંચા કર્યા અને

પાદપ્રહાર પણ કર્યા. અને બન્ને તોખારોને યુદ્ધ કરતા જોઇએ બીજા અશ્વની હકીકત પુછી તામ્રધ્વજે પાંડવોના અશ્વને બાંધવાનો હુકમ કર્યો, અને પ્રધાનને યુદ્ધ માટે સૈન્ય તત્પર કરવા આજ્ઞા આપી. તામ્રધ્વજ મનમાં વિચાર કરે છે કે—

નર નારાયણ સાથે, કંઇ પુણ્યે સંગ્રામ પ્રસંગ મળે,
જયથી હય યશ પામું એયદ શું મૃત્યુંથી હરિ સમીપ

અશ્વને તામ્રધ્વજે પકડયો છે એ ખબર અર્જુન તથા શ્રી કૃષ્ણને પણ થઇ. શ્રી કૃષ્ણ અર્જુનના રથમાં સારથીરૂપે શોભતા હતા તે ઉભયને જોઇ તામ્રધ્વજના યોદ્ધાઓએ પણ વિચાર કર્યો કે હવે વૈકુંઠનો લાભ સહજ થયા વિના રહેવાનો નથી.

દેવાંગનાઓ તથા દેવો અંતરિક્ષમાં યુદ્ધ જોવાને વિમાન સહિત આવ્યા હતા. રથમાં વિરાજેલા શ્રી કૃષ્ણની શોભા તે વખતે વર્ણી શકાય એવી નહોતી;-

प्रत्याकृष्टुं नयन मद्दला यत्रलग्नं नशेकुः
कर्णायिष्टं न सरति तती यत्सता मात्मलग्नम ।
यच्छोवौचां जनयति रतिं किंनु मानं कवीनाम
हृद्रा जिष्णो र्युधिरथगत यच्चतत्साम्यमीयुः ॥

જેમના રૂપમાં લાગેલાં નેત્રો સ્ત્રીઓ પાછાં ખેંચી શકતી નથી. જે રૂપ વર્ણન થએ સત્પુરૂષોના કર્ણદ્વારા હૃદયમાં લાગી

ગયેલું ત્યાંથી ખસી જતું નથી, જેની શોભા કવિઓની વાણીમાં મધુરતા ઉત્પન્ન કરે છે તો તેમની વાણીને માન પાત્ર કરે એમાં કહેવુંજ શું; યુદ્ધ સમયે રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ પરમાત્માનું આવું રૂપ નિરખીને યોદ્ધાઓ તેમાં લીન થઇ ગયા હતા.

શ્રી કૃષ્ણ પરમાત્માએ અર્જુનને કહ્યું;—ભાઇ, મહા સંકષ્ટ પ્રાપ્ત થયું છે. તામ્રધ્વજ મહા સમર્થ યોદ્ધો છે અને તે જીતાવો કઠિન છે; એના પરાક્રમનું શું વર્ણન કરૂં ?

पौरंसुतोयति जनं समरान्तरेसा
वन्तः पुरीयति विचित्र.चरित्र चंचुः ।
नारीयते समरसीम्नि कृपाणपाणे
रालोक्य तस्यचरितानि सपत्नसेना ॥

વિચિત્ર પરાક્રમ વાળો આ તામ્રધ્વજ નગરવાસી લોકને પુત્ર પ્રમાણે ગણે છે અને રણભૂમિમાં તે જાણે અંતઃપુરમાં વિહાર કરતો હોય તેમ વિચરે છે, એને સંગ્રામ પ્રદેશમાં હસ્તમાં તરવાર ધારણ કરી અનેક પરાક્રમો કરતો જોઇને શત્રુની સેના અબળા જેવી થઇ જાય છે. આવા અદ્ભુત વીર સાથે હાથ મેળવવાનો પ્રસંગ હમણાં આપણને પ્રાપ્ત થયો છે.

છતાં આપણ બન્ને જણા તેની સાથે યુદ્ધ કરીશું

જોઈએ પછી શું થાય છે. અર્જુન તમે સેનાનીઓને દારૂણ યુદ્ધ કરવાની આજ્ઞા આપો. ઉભય પક્ષની સેનાઓ તત્પર થઈ અને હુકમો છુટતાં—

કટાવ

સંગ્રામ ઉદધિ ઉછળ્યા, ત્યાં કોલાહલ બહુ થયા:
વીર સમૂહ સામા ધસ્યા, મોટા મોજાં શું અથડ્યા.
આ ઉદધિમાં, મહાન જ્વાળાતેમુખી પર્વતો જેવા વીરો:
ફાટી એઠીદમ જે ચોગરદમ બહુ ઉકળતા સઉને દહતા.
વીરરસ રેલે યમ મુખ મેલે, પતિ ભટ્ટાને વક્ર ઘંટાને
અર્થ કરીને આશા ધરીને રણદેવીને અર્પે પ્રેમે
કરાલ ત્યાં કરવાલો ઘુમતી જાણે ચક્રી અનેક ભમતી
વળી ભાલાઓ ઉડતા બાળો નિશ્ચે કાળો આવ્યા ન્યાળો
યુદ્ધ ગનમતાં શિરો ઉડતાં કંઇ કંઇ પડતા પ્રાણો ત્યજતા
બાણ વૃષ્ટિના ઓઘ વર્ષતા રકતસરિતા ઓઘો વ્હેતા
હસ્તી ત્રાડે ચગદી પાડે અનેક રથને કંઇ યોધને
અશ્વો ફાળે પ્યાદળ બાળે ગદાથી ચૂરા થાતા પૂરા
સુભટ હર્ષમાં રણાદર્શમાં જુએ સ્વર્ગમાં જતા રંઙજમાં
ધન્ય ગણે છે મરણ રણે તે સમરથકી તે વીર નવ પાછા
પાળ્યા—સંગ્રામ,

અર્જુના પ્રબળ પ્રતાપથી તામ્રધ્વજની સેના હતવીર્ય થઇ વીખરાઇ જવા માંડી; એટલે--

જોઇ સૈન્ય હણાતું ગાંડીવથકી તામ્રધ્વજે કોપથી,
કીધા દારૂણ યુદ્ધમાં કંઇકને સંગ્રામયજ્ઞે હવિ:

આવ્યાં ત્યાં અનિરૂદ્ધ સાત્યકી પ્રતાપી કર્ણના પુત્રને,
ઢોળ્યા ધુળ મહીં પછી પ્રબળ તે અર્જુન સામો ધસે.

આ બે વીરોનું જે મહાન્ યુદ્ધ થયું તેનો સહજમાં ખ્યાલ આવી શકે તેમ નથી તો વર્ણન તો શુંજ થઇ શકે–

સપ્તાહ ત્યાં તો રણ રંગ જામ્યો.
વીરો લડે વજ્ર શું કોન શામ્યો;
વિશ્વે ધરે જે નર એક નામ,
(તેને) પમાડિઓ ભકતસુતે વિરામ.

અર્જુનને તામ્રધ્વજે દિવ્ય અસ્ત્રોથી મૂર્ચ્છિત કરી ગર્જના કરી એટલે શ્રી કૃષ્ણનો કોપ સ્હાયો રહ્યો નહિ. તેમણે સુદર્શનનું સ્મરણ કર્યું અને આવેશમાં રથથી ઉતરી–

શ્રી કૃષ્ણે સુદર્શન ઝાલ્યું,
ધરા ધ્રૂજી ઉદધિ ઉછળ્યા;
બ્રહ્માંડ ડોલવા માંડ્યું. શ્રી કૃષ્ણે.
થશે મુકિત શું આજ સહુની,
સુભટોએ એમ ધાર્યું;
ધસી તામ્રધ્વજ ઉપર માર્યું,
તેણે બ્રહ્માસ્ત્રે ખાળ્યુ. શ્રી કૃષ્ણે.
શ્રુતિ વચન રૂપ શસ્ત્ર થકી શું,
સંસાર ચક્રને વાર્યું;
કર્યાં દુંદુભિ નાદો દેવે,
જોઇ વીર પરાક્રમ વાધ્યું. શ્રી કૃષ્ણે.

અર્જુન પણ મૂર્છામાંથી જાગી તામ્રધ્વજ સામો ધસ્યો અને શ્રી કૃષ્ણ પરમાત્મા પણ સુદર્શનને નિષ્ફળ થયેલું જોઇને સામા ધસ્યા, પરંતુ આ વીર કાંઇ ભય ધરે એવો ન હોતો.

આવ્યા અર્જુન કૃષ્ણ જ્યાં સમીપમાં બન્ને ધર્યો બાથમાં,
ઉડ્યો લૈ નભ ફેરવ્યા ધરી ઉંચે જાણે ગ્રહ્યા હાથમાં:
પાડ્યા મૂર્છિત પૃથ્વીમાં ઉભયને તાશ શું પુણ્યોપતે.
ભક્તિનો મહિમા જગાવી જગમાં હાર્યા હરિ પાર્થ તે.

નાયકો પડ્યા એટલે સૈન્યનું કહેવુંજ શું ! પાંડવોના સૈન્યનો પરાજય થયો અને તામ્રધ્વજ બન્ને અશ્વ લઇ પિતા જ્યાં યજ્ઞ કરતા હતા ત્યાં આગળ આવ્યો અને શું બન્યું તે બધી હકીકત કહિ સંભળાવી.

ભક્તરાજ મયૂરધ્વજે સાંભળતાં વારને પુત્રને વિજય-માટે ધન્યવાદ આપવો તો કોરે રહ્યો પણ ક્રોધમાં આવી જઇ તામ્રધ્વજનો ઘણો તિરસ્કાર કર્યો અને કહ્યું કે તેં મહા ઘોર કર્મ કર્યું છે, તું નર નારાયણને રણભૂમિમાં રવડતા મૂકી આ ક્ષુદ્ર અશ્વને લઇને તે શું આવ્યો ! તેં માખણ મૂકી છાશનું સુવર્ણ ત્યજી કથીરનું ગ્રહણ કર્યું છે આમ પિતા પુત્રને ઉપાલંભ આપી રહ્યા હતા એટલામાં એક અવનવો બનાવ બન્યો.

નરનારાયણને હારવું શું ! તે તો ભક્તિનો મહિમાં

વધારવા પૃથ્વીમાં વિચરતા હતા, તે તામ્રધ્વજ ગયો એટલે જાગ્રત થઇ **શ્રી** કૃષ્ણે અર્જુનને કહ્યું કે ચાલ નગરમાં તને મયૂરધ્વજ રાજા કેવો ભકત શિરોમણિ છે તે બતાવું. હું વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધરૂં છું ને તું શિષ્ય બન, પછી જે થાય તે જોયા કરજે. શ્રીકૃષ્ણ પરમાત્મા તથા અર્જુન નવા ધારણ કરેલા રૂપમા નગરની ચર્ચા જોતા જ્યાં રાજા યજ્ઞ કરતો હતો ત્યાં આવી પહોંચ્યા અને રાજાને આશીર્વચન કહ્યાં. રાજા સત્કાર કરવા તુર્ત સામો ધસ્યો અને વૃદ્ધ વિપ્રવર્યને પ્રણામ કર્યા અને તેનું વિધિવત્ પુજન કર્યું અને શું આજ્ઞાછે તે જાણવા વિનતિ કરી ત્યારે ગદ્ગદિત કંઠે જર્જરીભૂત ઋષિ લાકડિ ટેકવતા બોલ્યાઃ—

ઝુલના.

ધર્માત્મા તું છે મેં જાણી આપતિ મહા તુજ પર આણી
કહેતાં મુજ હૃદય ચીરાય પણ કહેવા વિણ નથી ઉપાય
વનમાં સુત સાથે વિચરતાં વનરાજે ઝડપ્યો ઓચિંતા
કહ્યું કરગરી મુજ દેહ લઇને પુત્ર ઉગાર દયા તું કરીને
વૃદ્ધ હું મરવા યોગ્ય છું હાવે વિનવ્યો બહુ મેં પણ નવ માને
સિંહ કહે સુત એમન મળશે કહ્યું કરશે મુજ તોજ ઉગરશે
મયૂરધ્વજનું જો તનુ લાવે તનુજ તને દઉં પાછો ત્યારે
ગૌ માટે દીધો દેહ દિલીપે ચ્યુત ન ધર્મ મહા નૃપ દીપે
ગૌબ્રાહ્મણ પ્રતિપાળક તે છે યાચ જઇ તુજ અર્થ સરે છે
પણ ધીક્ ઇચ્છા નીચજ મારી ધિક મને તુજને સંભળાવી
મુજને જ્યારે તું જીવશે તો હરશે કંઇ દીનજનનાં દુઃખો.

આ બ્રાહ્મણનાં વચન સાંભળતાંજ સઘળી સભા શોકથી વ્યાકુળ થઇ ગઈ. રાણી તથા પુત્ર પણ સ્તબ્ધ થઈ ગયાં. એક રાજાના મુખપરજ માત્ર આનંદ ભાસતો હતો હણે. હર્ષયુકત વદને કહ્યું:—

બિહાગ.

મુનિરાજ સાર્થક કીધી દેહ ધરી મુજ આજ,
ક્ષણ ભંગુર વપરાય વપુ આ વિપ્ર શિરોમણિ કાજ;
બ્રહ્મ પુત્ર બળિ બનતો જો હું ન બચાવું આજ,
ક્ષત્રી નામ ધર્યું શા કામનું ચિંતા હવે ધરો ન લગાર.

કહ્યું છે કે—

क्षतात्किलत्रायत इत्युदग्रः
क्षत्रस्यशब्दो भुवनेषु रुढः ।

આપત્તિમાંથી આગળ પડી રક્ષણ કરે છે આ અર્થમાં ક્ષત્ર શબ્દ પૃથ્વીને વિષે પ્રસિદ્ધ રીતે વપરાય છે તો હું જો તમારૂં તમારા પુત્ર પરની આપત્તિમાંથી રક્ષણ કરૂં નહિ તો પછી ક્ષત્રિય ગણાઉંજ શાનો ?

વળીઃ—

वाताभ्रविभ्रममिदं वसुधाधिपत्य
मापातमात्र मधुरो विषयोपभोगः ।
प्राणास्तृणाग्र जलबिंदु समा नराणाम्
धर्मः सखा परमहो परलोकयाने ॥

આ પૃથ્વી પરનું રાજ્ય છે તે વાયુમાં વાદળ જ્યાં સુધી ટકી રહે ત્યાં સુધી ટકે એવું છે; સર્વ વિષયોના ભોગો દેખાવવામાં પ્રથમ ગ્રહણ કરતી વખતે ક્ષણમાત્ર મધુર લાગે તેવા છે અને મનુષ્યોના પ્રાણ તણખલાંના અગ્ર ભાગ પર જલના બિંદુ જેમ હમણાં પડી જશે હમણા પડી જશે એવી સ્થિતિમાં હોય છે તેવા અસ્થિર છે; માત્ર ધર્મ એજ પરલોકમાં ગમન કરતી વખતે પરમ મિત્ર તરીકે સાથે આવે છે. માટે આ ક્ષણ ભંગુર દેહની દરકાર નહિ કરીને ધર્મનું અવશ્ય ઉપાર્જન મારે કરવું જોઇએ. હે સજ્જનો, જુઓ ધર્માત્માઓને પણ કેવું દુઃખ આવી પડે છે ! કહ્યું છે કેઃ—

गुणानामेव दौरात्म्याद्धुरिधुर्यो नियुज्यते ।
असंजात किणस्कंधः सुखं स्वपिति गौर्गलिः ॥

ગુણોનાજ દુઃસ્વભાવને લીધે બળદને ધુરામાં જોડવામાં આવે છે અને જેની ખાંદપર ડાઘ પણ પડયો નથી એવો ગળીઓ બળદ સુખે સુએ છે. સમજુને બધું દુઃખ છે, નહિ સમજે તે સુખે જિંદગી વ્યર્થ ગાળે છે.

રાજાને અર્ધું અંગ આપવા તત્પર થયેલો જોઇ રાણીએ વિપ્રને ઉદ્દેશી કહ્યું:—

મોહિણી.

ઋષિરાજ હું પ્રાર્થું છું તમને જીવ્યું મુજ સાર્થક કરો.
મૃગરાજ કાજ શરીર આ મુજ સ્વામિ બદલે લઇ ધરો:
અર્ધ અંગ પતિનું હું છું, આપ તો સર્વજ્ઞ છે,
આનંદથી હું અર્પું છું, ને અર્થ સરશે આપનો;
દેહ સ્ત્રીના જે પતિને ઉપયોગી ના થઇ,
પોષવા વૃથા તે પોષવામાંજનનીએ નિશ્ચે ધરી;
સ્વામિ સેવા કરી છે મુજ ઉપર તેનું વ્હાલ છે,
નહીં ના કહે તમ ઉપર મારા શ્રેયનો આધાર છે.

રાજા મૌન ધરી ઉભા રહ્યા અને સભા, વિપ્ર શું બોલશે તે સાંભળવા, તેમના તરફ જોઈ રહ્યા.

છે ધન્ય ગર્જા તું ખરે લલના લલામ,
અર્પે તું દેહ પતિ માટે ન અલ્પ કામ:
માગ્યું છે ભૂપતિ તણું જમણુંજ અંગ,
સ્વીકારૂં જો નૃપ દીએ ધરીને ઉમંગ !

ત્યાં રાજ કુંવર તામ્રધ્વજ પણ ઉભેલો હતો તેણે આ સાંભળી જોયા કર્યું નહિ. તે બોલ્યો:--

કાલિંગડો.

પિતુ માટે હું અર્પું દેહ પ્રભુ—પિતુ
શ્રુતિઓમાં પુત્રને કહે છે પિતા રૂપ આપ છો સમજુ,
સ્વીકારી મુજ નમ્ર વિનંતિ દેહ કરો સાર્થક સાધુ,
સિદ્ધ થશે મુજ પુણ્ય ભોલેલા યુવક તનુથી જરૂર કહું,

ભક્ત દત્ત યશ હેતુ બચાવા અપયશથી નથી નીચું મરવું;
તત્પર નહિ મરવા પિતુ અર્થે સુત વ્યર્થ ઉત્સંગે ઉછર્યું,
પિતા શત્રુની સહ સંગ્રામે શ્રેયસ્કર યુદ્ધમાં પડવું;
ધર્માર્થે મૃત્યુથી ઉંચું શું કૃતકૃત્ય કરે મુનિ હું પ્રાર્યું --પિતુ૦

સભામાં વિપ્ર શું કહે છે તે સાંભળવાની ઉત્સુકતા વૃદ્ધિ પામતી જાય છે અને ઘણાઓ તેને કાળરૂપજ જોઇ રહ્યા છે

વિપ્રે કહ્યું;–"ભાઈ તેં કહ્યું તે ખરૂં છે અને તને શોભા આપે એવું છે પણ સિંહે તો કહ્યું છે કે એક પાસે સ્ત્રી અને બીજી પાસે પુત્ર એ રીતે કરવતે વ્હેરાયલું શરિર જો રાજાનું આણી આપશે તોજ હું સ્વીકારીશ." સભા આ કમકમાટ ઉપજાવે એવા શબ્દો સાંભળી રોમાંચિત થઈ ગઇ. રાજાને ઉગરવાનો કોઈ પણ ઉપાય રહ્યો નહિ. ધર્માત્મા રાજા દૃઢનિશ્ચયી હતો એટલે તે ગભરાયો નહિ. તેણે કરવત મંગાવી અને રાણી તથા કુંવરના હાથમાં આંપી. પ્રભુ વિપ્રના રૂપમાં જોતા ઉભાં રહ્યા. અર્જુન પણ પ્રભુની સખ્તાઇ જોઇ મનમાં ત્રાસી ગયો હતો. સર્વ મનમાં ઇચ્છતા હતા કે વિપ્રવર્ય દયા કરી આ ઘોર કર્મ થતું અટકાવશે; પરંતુ પ્રભુએ ભક્તની પરીક્ષા પુરેપૂરી થવા દીધી.

કવાલિ.

પ્રભુએ ભક્ત નિજજની કસોટી કારમા કીધી.
કર વતી કરવતી લીધી શિરે શિરછત્રને દીધી:

ઉભી છે રાણી એક પાસ સામો કુંવર સઉલ્લાસ,
કરવતી ખેંચવા માંડી જોનારના જાય હૃદય છાડી:
હૃદય પથ્થરના પીગળાવે તદ્દી આંસુની વ્હેવડાવે,
ધન્ય સ્ત્રી આ તથા સુતને પ્રતિ કંઈ દાખવી જેણે:
લેશ તે ગ્લાની નવ પામે માત સુત વળગ્યાં છે કામે,
મયૂરધ્વજ નિશ્ચિંતે ઉભો વેદના લેશ નહિ ગણાતે:
મુખેથી નામ હરિ જપતો અન્ય તે કંઇ ન ચિંતવતો.
શું કરવતે કઠોરતા ત્યાગી કમળીની કોમળતા માગી:
હસતુ જમણું અંગ જોઇ ન્યામ ત્યાં આવી તો રોઇ.
ઋષિ એ અશ્રુનાં બિંદુ નિરખી ખૂબ થયા ખિન્ન:
રહેવા દે બહેરવું ભાઇ ચાલવા માંડયું રીસાઇ.

વિપ્રે જવા માંડયું એટલે રાણી તથા કુંવરે કરવતને અટકાવી કહ્યું:—

ગયા ઋષિ રીસાઇને, વિનવે વનિતા સુત
આજ્ઞા દો તે કીજીએ, રહે ટેક હે ભૂપ !

રાજાએ વિપ્રને આજીજી કરી પાછા બોલાવ્યા અને ચાલ્યા જવાનું કારણ પુછયું ત્યારે તેમણે કહ્યું;—“હેરાજા;તને શોક કરતો જોયો તેથી હું ચાલ્યો ગયો. ખેદથી આપેલું તામસી દાન હું લેવા ખુશી નથી માટે હવે તારૂં અધું અંગ લેવા કબૂલ નથી. આ સાંભળી રાજાએ કહ્યુ:—

હસે છે આ ગાત્ર સ્વજીવિતનું સાફલ્ય સમજી:
રડે ડાબું પાસું નવ મુજ તનુ કાજ ધરી:

પરાર્થે ના આવ્યું ગણી અતીવ તે શોકજ કરે;
બહુ સુજ્ઞો શોચે સ્વીય કંઈ વૃથા વસ્તુ વણુશે.

ઋષિને રાજાના વચનથી સંતોષ થયો અને રાજાએ ફરીથી મસ્તકપર કરવત મૂકાવી અને રાણી તથા કુંવરે ખેંચવી શરૂ કરી એટલે પ્રભુ પ્રસન્ન થયા. કરવત અટકાવી ભકત શિરોમણિ રાજા, રાણી, કુંવરને તથા આખી સભાને સ્વરૂપે દર્શન આપ્યું. સભા અત્યંત આનંદ પામી અને રાજા, રાણી અને કુંવરે ભગવાનનાં ચરણારવિંદમાં મસ્તક નમાવ્યાં. શ્રીકૃષ્ણ પરમાત્માએ કહ્યું કે;—"હે પરમભકતરાજ, હું તારાપર પ્રસન્ન થયો છું. જે ઈચ્છા હોય તે માગ અને આ બન્ને અશ્વો લઈને યથેચ્છ યજ્ઞ કર.

ભગવાનનું આ પ્રમાણે બોલવું સાંભળીને મયૂરધ્વજ રાજા બોલ્યા કેઃ—

तंत्वाखिलात्मदयितेश्वर माश्रीतानम्
सर्वार्थदं स्वकृत विद्विसृजेत कोनु ।
कोवा भजेत्किमपि विस्मृतयेऽनु भूत्यै
किंवा भवेन्नतवपादरजो जुषां नः ॥

આપ કે ને આશ્રિતોને સર્વ પુરૂષાર્થના આપનારા છો, સર્વ પ્રાણીઓના આત્મા હોવાથી અત્યંત પ્રિય છો અને ઈશ્વર હોવાથી ભજવા યોગ્ય છો એવા આપનો સ્વકર્તવ્ય

સમજનાર કોણ ત્યાગ કરે અને આપની વિસ્મૃતિ જેથી થાય એવા ભોગ, ઐશ્વર્ય તથા મોક્ષ માટે બીજા દેવતાને સેવે ? અમે જે તમારા ચરણરજની સેવા કરનાર છીએ તે અમને આપની સેવાથી શું અપ્રાપ્ય છે? અમને સર્વ વસ્તુ મળી શકે તેમ છે તો પછી મારે અશ્વનું પણ શું પ્રયોજન છે અને માગવાનું પણ શું રહ્યું છે? શ્રી ભગવાન આ સાંભળી વિશેષ પ્રસન્ન થયા અને બોલ્યા– મારા ભકતો તો—

न पारमेष्ट्यं न महेन्द्रधिष्ण्यं नसार्वभौमं नरसाधिपत्यम्।
न योगसिद्धीर पुनर्भवं वा मय्यर्पितात्मेच्छतिमद्विनान्यत्।।

મારા વિષે મનને અર્પણ કરનાર મારા ભકતો મારા વિના બીજું બ્રહ્માનું ઇંદ્રનું, ચક્રવર્તી રાજ્ય કે પાતાળના રાજ્યનું પદ, યોગની સિદ્ધિઓ અથવા તો મોક્ષ એ કોઈ પણ પદાર્થને ઇચ્છતા નથી.

અને હું પણઃ—

निरपेक्षं मुनिशान्तं निर्वैरं समदर्शनम् ।
अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ।।

તૃષ્ણા વિનાના, મૌન રહેનાર, શાંત, વેર વિનાના અને સમદૃષ્ટિવાળા મારા ભકતની ચરણરજથી મારા આત્માને પવિત્ર કરવાથી ઇચ્છાથી તે મારા ભકતની પાછળ હું ફરૂં છું

મારા ભકતોને મારા શિવાય અન્ય વસ્તુ માટે ઇચ્છા હોતી નથી અને તે જે સુખ ભોગવે છે તે અન્યના ચિંત્વનમાં પણ આવી શકે તેમ નથી.

निष्किंचना मय्यनुरक्तचेतसः
शान्ता महान्तोऽखिलजीववत्सलाः ।
कामैरनालब्धधियो जुषन्ति यत्
तन्नैरपेक्ष्यं न विदुः सुखं मम ॥

પોતાની પાસે કાંઈ પણ ન રાખનારા, મારા માટે જેમના ચિત્તમાં અત્યંત અનુરાગ છે એવા શાંત, નિરભિમાની, સર્વ જીવો ઉપર પ્રેમ રાખનારા, અને વિષયોએ જેમના મનને સ્પર્શ કર્યો નથી એવા મારા ભકતો જે નિષ્કામ સુખ ભોગવે છે તે સુખ અન્યનાં ખ્યાલમાં પણ આવી શકે તેમ નથી.

મયૂરધ્વજ રાજાએ હાથ જોડી કહ્યું, " આપનું વચન 'માગ' એને સાર્થક કરવા યાચું છું કે હે પમકૃપાળુ, અમારૂં મન (મા–નહિ ગ–દૂરંગમ) તમારાથી દૂર જાવો નહિ: અને તમારા વિષેજ અમારા દૃઢ ભકિત રહે એવું કરો અમને સુખની અપેક્ષા નથી: કેવળ આપની નિર્મળ ભકિતજ યાચીએ છીએ. ભકતોનો મહિમા વધારનાર આપજ છો અને તેમની ભકિતા દૃઢતા તથા ઓજસ આપનાર પણ આપજ

છો. અમારૂં તો આપ સર્વસ્વ છો, આપના ગુણોનું, આપના ઉપકારોનું વર્ણન અમારા સરખા પામરોથી થઇ શકે એમ નથી. કહ્યું છે કેઃ—

दोर्भ्यांतितिर्षति तरंगवती भुजंग
मादातुमिच्छति करे हरिणांकबिंबम् ।
मेरूंलिलंधयिषति ध्रुवमेषदेव
यस्ते गुणाग्रदितुमुद्यम मादधाति ॥

હે પ્રભુ જે તમારા ગુણોનુ વર્ણન કરવા પ્રયત્ન આદરેછે તેનો પ્રયત્ન હાથથી સમુદ્ર તરિ જવા, હાથમાં ચંદ્રનુ બિંબ ધારણ કરવા તથા મેરૂ પર્વતને ઓળંગી જવા ઇચ્છનાર મનુષ્યના જેવોછે. અર્થાત્ જેમ હાથે સમુદ્ર તરિ શકાતો નથી, ચંદ્રના બિંબને હાથ મ્હોંચી શકાતો નથી તથા મેરૂ પર્વત કોઇથી ઓળંગી શકાતો નથી; તેમ આપના ગુણોનુ યથાસ્થિત વર્ણન કોઈ કરિ શકયો નથી અને કરિ શકનાર પણ નથી.

असित गिरिस स्यात्कज्जलं सिंधुपात्रे
सुरतरुवर शाखा लेखिनी पत्रमुर्वी ।
लिखति यदिगृहीत्वा शारदा सर्वकालम्
तदपि तव गुणानामीश पारं न याति ॥

મોટા પર્વતના જેટલા કાળા રંગની સાહીથી સમુદ્રનો ખડીઓ બનાવી પુર્યો હોય, કલ્પ દ્રુમની શાખાને કલમ બનાવી હોય અને પૃથ્વીનો કાગળ તરીકે ઉપયોગ કર્યો હોય અને આવી સામગ્રીથી જાતે સરસ્વતી દેવી જો સર્વ કાળ લખ્યા કરે; તો પણ હે ઇશ, તમારા ગુણનું સંપુર્ણ રીતે વર્ણન તે કરી શકે એમ નથી; તો અન્યનુ તો કહેવુંજ શું? પછી મયૂરધ્વજ રાજાએ આ પ્રમાણે શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતિ કરી પ્રણામ કર્યાઃ—

भवभयमपहन्तुं ज्ञानविज्ञानसारम्
निगमकृदुपजह्रे भृङ्गवद्वेदसारम् ।
अमृतमुदधि तश्चापालयभ्दृत्य वर्गान्
पुरुषमृषभमाद्यं कृष्णसंज्ञं नतोऽस्मि ।।

નિવૃત્તિપરાયણ પુરૂષોના સંસારનો ભય દૂર કરવાનો જે વેદ રચનાર ભગવાંને ભ્રમર જેમ પુષ્પમાંથી સાર કાઢે છે તેમ વેદના સાર રૂપ જ્ઞાન વિજ્ઞાન અમૃત કાઢયું હતું અને જેમણે સમુદ્રમાંથી પોતાના પ્રવૃત્તિપરાયણ સેવકોના જરા રોહિક દૂર કરવા અમૃત કાઢયું હતું અને બન્ને પ્રકારના અમૃત પોતા ભકતોને પાયાં હતાં, તે શ્રી કૃષ્ણ નામના આદિ પુરૂષોત્તમ ભગવાન ને હું પ્રણામ કરૂં છું.

મરયૂરધ્વજ રાજાએ સ્તુતિ કરી રહ્યા પછી બન્ને અશ્વ

તથા પોતાની સમૃદ્ધિ શ્રીકૃષ્ણ પરમાત્મના ચરણારવિંદમાં અર્પણ કરી અર્જુનને ભેટી પોતે અશ્વની રક્ષા માટે કુંવર સહિત અર્જુન તથા શ્રીકૃષ્ણભગવાન સાથે પ્રયાણ કર્યું.

હે સજ્જન, મયૂરધ્વજ રાજાએ તમને કહ્યા પ્રમાણે આત્મસમર્પણ ભક્તિ કરવાની શ્રીકૃષ્ણ પરમાત્માને પ્રસન્ન કર્યા અને તેમના દર્શનનો લાભ મેળવી ને કૃતકૃત્ય થયો; માટે—

કર આત્મસમર્પણ ભાઈ, કર તું આત્મસમર્પણ ભાઈ !

સમાપ્ત

સંગીત ગીત માળા.

(પંચાસરી કૃત)

હારમોનિયમ શીખનારને મ્હોટો લાભ.

આ પુસ્તકના અંદર હારમોનિયમ કેવી રીતે વગાડવું તેની માહિતિ આપેલી છે. કોલેજોમાં ગવાતાં ગીતો રાગો સાથે આપેલા છે.

કીંમત ૦—૬—૦

આપણે કોઇ પણ પુસ્તકો જોઇતાં હોય અને સારાં અને સસ્તા જોઇતા હોય તો નીચેના સરનામે લખો.

ચંદુલાલ મણીલાલ પરીખ.

બુકસેલર,

રીચીરોડ—અમદાવાદ